# વણકર ભવન માટે પાંચ કાર્યકરોની આત્મવિલોપનની ચીમકીથી ખળભળાટ

## બે વ્યકિત નવા સચિવાલય અને એક એક વ્યકિત મહાત્મા મંદિર, કલેકટર કચેરી અને ઉદ્યોગ ભવનમાં એક જ સમયે બે દિવસમાં આત્મવિલોપન કરશે તેવા પત્રથી તંત્ર દોડતું થયું

ગાંધીનગર, તા.૭

વણકર ભવન માટે સમાજના લોકોએ આંદોલન છેડયું છે અને જયાં સુધી જમીન (જગ્યા) નહીં મળે ત્યાં સુધી આમરણાંત ઉપવાસની જાહેરાત કર્યા બાદ આજે પાંચ સભ્યો બે દિવસમાં કોઈ પણ સમયે ચાર અલગ અલગ સ્થળોએ જઈને આત્મવિલોપન કરી લેશે તેવો પત્ર લખતા તંત્ર દોડતું થઈ ગયું છે. જો કે પોલીસ તંત્રએ આંદોલનના સ્થળ સત્યાગ્રહ છાવણીએ જઈને આ પત્ર અંગે પુછતાછ કરતાં તેમના કોઈ સભ્યોએ આ જાહેરાત કરી ન હોવાનું જણાવ્યું હતું.

રાજયના મુખ્યમંત્રીને સંબોધીને લખાયેલા ચિમકી ભર્યા આ પત્રમાં પાંચ સભ્યોના પુરા નામ અને ઉંમરની યાદી છે. ભવન માટે જમીન મેળવવા આમરણાંત ઉપવાસ ઉપર ઉતરેલા સમાજના વડીલો અને આગેવાનોના સમર્થનમાં તે પાંચ વ્યકિતઓ ૯ જાન્યુઆરી સુધીમાં કોઈ પણ એક દિવસે, કોઈ પણ સમયે પાંચેય વ્યકિતઓ એક જ સમયે આત્મવિલોપન કરી ન્યાય મેળવવા પ્રયત્ન કરશે તેવી ચિમકી આપવામાં આવી છે. એક વ્યકિત મહાત્મા મંદિર, એક કલેકટર કચેરી ખાતે એક ઉદ્યોગ ભવન તેમજ બે વ્યકિતઓ નવા સચિવાલયમાં એક સાથે આત્મવિલોપન કરશે તેવી ચિમકી ના મળેલા પત્ર સંદર્ભે પોલીસ અધિકારીઓ તપાસ માટે પહોંચ્યા તો સત્યાગ્રહ છાવણીએ આંદોલનમાં બેઠેલા આગેવાનોએ તે લોકોએ ચિમકી ઉચ્ચારી ન હોવાનું જણાવ્યું હતું.



ગાંધીનગર મનપા અને શેઠ સી. એમ. સ્કૂલના બાળકોના સેક્ટર-૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર ખાતે પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા તથા ચાઈનીઝ દોરીનો વિરોધ કરવા રેલીનું આયોજન થયું હતું. મનપાના પદાધિકારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજનો કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા. ૭

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ગાંધીનગર દ્વારા કૈલાશધામ વૃધ્ધાશ્રમ ખાતે યોજાનાર સ્નેહમિલન અને ભોજન સમારંભ કાર્યક્રમ અનિવાર્ય સંજોગોના કારણે મોકુફ રાખવામાં આવેલ છે. તેમ સમાજના પરિવારજનોને જણાવવામાં આવે છે.



ગાંધીનગર ખાતે આરંભાયેલ નહેરુ યુવા કેન્દ્રની એકતા શિબિરમાં ભાગ લઈ રહેલ વિવિધ રાજ્યના યુવકોની રેલી આજે નગરના રાજમાર્ગો ઉપર ફરી હતી.

## સ્વામી પ્રેમાનંદજીના હસ્તે ગાંધીનગર ખાતે નિઃશુલ્ક દવાખાનાનો શુભારંભ થશે

ગાંધીનગર, તા.૭

દિવ્ય જીવન સંઘના સ્થાપક પ.પૂ. સ્વામી શિવાનંદજીના શિષ્ય પ.પૂ. સ્વામી પ્રેમાનંદજી મહારાજ શિવાનંદ આશ્રમ ઉત્તર કાશી એક સપ્તાહ માટે ગુજરાતમાં પધારશે. તેઓ તા. ૯ અને ૧૦ જાન્યુઆરી દરમિયાન ગાંધીનગરમાં પધારી નિઃશુલ્ક દવાખાનાને ખુલ્લું મુકશે.

એક સપ્તાહ ગુજરાતની મુલાકાત કરનાર પ.પૂ. સ્વામી પ્રેમાનંદજી બે દિવસ ગાંધીનગર ખાતે રોકાણ કરશે. તેઓ મકાન નં. ૨૯૫ શાખાના કાર્યાલય ખાતે જાહેર સત્સંગ કરશે.

તેમજ ગાંધીનગર દિવ્ય જીવન સંઘ શાખા સંચાલિત નિઃશુલ્ક દવાખાનું મકાન નં. ૧૭૫, ડબલ ડેકર સે-૨૪ ખાતે તા. ૯ જાન્યુઆરી ગુરુવારે સવારે ૧૦ કલાકે સ્વામીજીના હાથે ખુલ્લુ મુકવામાં આવશે. દવાખાનામાં શાખાના ઉપપ્રમુખ ડૉ. કિરીટભાઈ પટેલ સેવા આપશે. કાર્યક્રમમાં પધારવા જાહેર જનતાને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ચેઈન સ્નેચર્સનાં આતંકને પગલે પલ્સર ચાલકો પર પોલીસની તવાઈ

ગાંધીનગર, તા.૭

પાટનગરમાં ચેઈન સ્નેચર્સ દ્વારા મચાવી દેવામાં આવેલા આતંકને પગલે ગાંધીનગર પોલીસ હવે તમામ પલ્સર બાઈક ચાલકોને શંકાની નજરે જોતી થઈ છે. પલ્સર બાઈક દેખાય એટલે પોલીસ તેને ઉભું કરાવી દે છે. પલ્સર ચાલકો આ પ્રકારની કામગીરીથી ત્રાસી ગયા છે. હેરાનગતિ પ્રજાને વેઠવી પડે છે પરંતુ આ પ્રકારની તપાસ દરમિયાન કયાંક ચેઈન સ્નેચર્સ હાથમાં આવી જાય તો આ ગુના પર કાબુ મેળવી શકાય તે આશયથી પોલીસે આ અભિયાન શરુ કર્યું છે.

પલ્સર બાઈક પર અવર જવર કરતાં કોઈ ફેમીલી નજરે આવે તો પોલીસ તેમને હેરાન કરતી નથી તે બાબત નોંધનીય છે. ડબલ સવારી યુવાનો પલ્સર પર જતાં હોય ત્યારે પોલીસના ભ્રમર ચઢી જાય છે તેને ઉભા કરી દઈ બાઈકની આર.સી. બુક તથા દસ્તાવેજો અને લાયસન્સ ચેકીંગ કરે છે જો કોઈ વસ્તુ ન હોય તો તેવા ચાલકનું પલ્સર ડીટેઈન કરી લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. આ અભિયાન હાથ ધરવા પાછળનું કારણ એ છે કે ગાંધીનગરના ધોળે દિવસે બિન્દાસ્ત પણે મહિલાઓના ગળામાંથી સોનાના દોરા કે મંગળસુત્ર આંચકીને રફફુચક્કર થઈ જતા ચેઈન સ્નચેર્સ સકંજામાં આવી જાય...! તે માટે પોલીસ હવે શહેરનાં તમામ પ્રવેશદ્વારો પર પણ પલ્સર બાઈકોને ખાસ ચેક કરે છે અને શંકાસ્પદ જણાય તો તુરત જ તેવા બાઈક ડીટેઈન કરી કાર્યવાહી કરાય છે.

# ચેક અપ કેમ્પ દરમિયાન શ્રધ્ધાદીપ ખાતે ડાયાબિટીસના પરીક્ષણો ૫૦ ટકા રાહતથી કરાશે

## રોટરી કલબ દ્વારા દર મહિનાના બીજા અને ચોથા શનિવારે ચેક અપ કેમ્પ દરમિયાન નાગરિકોને વિશેષ રાહત

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ડાયાબિટીસ પ્રત્યે જાગૃતિ કેળવાય અને ડાયાબિટીસને કારણે કીડની, મગજ કે હૃદય જેવા અત્યંત મહત્વના અવયવો પર થતી ગંભીર અસરો સમયસર રોકી શકાય તે હેતુથી રોટરી કલબ ઓફ ગાંધીનગરના સહયોગથી રોટેરિયન શ્રી મહેન્દ્રભાઈ ગજજરની શ્રધ્ધાદીપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરી ખાતે દર મહિનાના બીજા અને ચોથા શનિવારે ડાયાબિટીસને લગતા પરીક્ષણો માટે ડાયાબિટીસ ચેક અપ કેમ્પ યોજાશે. આ કેમ્પ દમિયાન ડાયાબિટીસને લગતા તમામ ટેસ્ટ માત્ર ૫૦ ટકા મૂલ્યથી કરવમાં આવશે.

રોટરી કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ રાહુલભાઈ મહેતાએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે ડાયાબિટીસ ઉકળતા ચરૂ જેવી સમસ્યા છે. આ સાયલન્ટ કિલરને અંકુશમાં લેવામાં ન આવે તો શરીરના મહત્વના અવયવો પર ગંભીર અસરો થઈ શકે છે. આ માટે રોટરી કલબ દ્વારા ચિંતા કરવામાં આવી છે. અને ડાયાબિટીસને લગતા મહત્વના પરીક્ષણો માત્ર ૫૦ ટકા કિંમતમાં સામાન્ય લોકોને પરવડે તે રીતે ડાયાબિટીસ ચેક અપ કેમ્પ મારફતે કરવાનું આયોજન છે.

વધુમાં જણાવ્યું હતું કે રોટેરીયન મહેન્દ્રભાઈ ગજજરની શ્રધ્ધાદીપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરી ખાતે આગામી ૨૦મી જુલાઈ ૨૦૧૪ સુધી એફબીએસ અને પીપીબીએસ (ભૂખ્યા પેટે અને જમ્યા પછી બે કલાકે તથા ટેસ્ટ), એચબીએ, સી (છેલ્લા ત્રણ મહિનાનું સરેરાશ સુગર લેવર), એમએયુ (માઈક્રો આલ્બ્યુમીન યુરીયા- ડાયાબિટીસની કીડની પરની અસર), સીરમ એસીટોન લેવલ (ડાયાબિટીસની ગંભીર અસર-કીટો એસીડોસીસ જોવા માટે) તથા લીપીડ પ્રોફાઈલ અને ક્રિએટીન પરીક્ષણ જેવા અત્યંત મહત્વના ટેસ્ટ માત્ર ૫૦ ટકાના રાહત દરથી કરાશે. શ્રધ્ધાદીપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરીની સેકટર-૧૬ શાખા ઉપરાંત સે-૭ શાખા અને સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતે આવેલી શાખામાં પણ નાગરિકો દર મહિનાના બીજા અને ચોથા શનિવારે ડાયાબિટીસ ચેક અપ કેમ્પનો લાભ લઈ શકશે.

કેમ્પનો લાભ લેબોરેટરીમાં પરીક્ષણ માટે આવતા દર્દીઓને મળશે. હોમ વિઝીટ કે અન્ય પરીક્ષણોનો આ કેમ્પમાં સમાવેશ કરી શકાશે નહીં એમ પણ રોટરી કલબની યાદીમાં જણાવાયું છે.

## આજે રાંધેજામાં કૃષિમેળાનું આયોજન

### કૃષિમેળા સાથે પાક પરિસંવાદ, પ્રદર્શન અને વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન : કૃષિ ક્ષેત્રે થયેલ સંશોધનો અને હાઈટેક એગ્રીકલ્ચર અંગે વિસ્તૃત માહિતી અપાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના ખેડૂત તાલીમ કેન્દ્ર અને રાંધેજા ખાતેના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૮મી જાન્યુઆરી બુધવારે ‘કૃષિ મેળો અને પાક પરિસંવાદ-૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું છે. આ કૃષિમેળો અને પરિસંવાદ રાંધેજાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે સવારે ૮ થી સાંજના ૫ વાગ્યા દરમ્યાન યોજાશે.

કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં ખેડૂતોને કૃષિક્ષેત્રે થયેલ સંશોધનો અને હાઈટેક એગ્રીકલ્ચર અંગે વિસ્તૃત જાણકારી મળી રહે તે હેતુથી આ મેળાનું આયોજન કરાયું છે. આ મેળામાં કૃષિ પ્રદર્શન, સ્પર્ધાઓ અને પાક પરિસંવાદ પણ યોજાશે. આ કૃષિ મેળાનું ઉદ્દ્ઘાટન ગુજરાત રાજ્યના ખેતી નિયામક ડૉ. એસ.આર. ચૌધરીના વરદ્ હસ્તે કરવામાં આવશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ગુજરાત વિદ્યાપીઠના કુલ સચિવ ડૉ. રાજેન્દ્ર ખીમાણી, સ્ટેટ નોડલ ઓફિસર ડૉ. આર.એ. શેરસિયા, જિલ્લા વિકાસ અધિકારી વિક્ટર મેકવાન, અધિક ખેતી નિયામક બી.એમ. મોદી અને વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામક ડૉ. કે.વી. પટેલ જેવા મહેમાનો ઉપસ્થિત રહેનાર છે.

## જેસીઆઈનો ડબલ ધમાકા પ્રોજેક્ટ

# માર્ગ સુરક્ષામાં વાહન ચાલકોની ઉઘાડી આંખ ઠંડીમાં ગરીબોને ધાબળા ઓઢાડી ઉડાળી ટાઢ

ગાંધીનગર, તા. ૭

જેસીઆઈ ગાંધીનગર ચેપ્ટર સામાજીક કાર્યો કરવામાં અગ્રેસર છે. નવા નિમાયેલા પ્રમુખ સાત્વીક ત્રિવેદીએ નવા વર્ષમાં એક જ દિવસે બબ્બે સામાજીક પ્રોજેક્ટ કરી આખુ વર્ષ ધમાકેદાર રહેશે એવા એંધાણ આપી દીધા.

વર્ષ ૨૦૧૪ના પ્રથમ પ્રોજેક્ટ તરીકે માર્ગ સુરક્ષાના કાર્યક્રમમાં ૨૩ મેમ્બરો હોંશભેર જોડાયા. મોટા ભાગે માર્ગ અકસ્માતમાં જે વાહન કે હાથલારી પર રિફલેટર-રેડિયમ નથી હોતા ત્યાં ભય વધુ હોય અને એમની ટીમમાં કે.ડી. ભાવસાર, જીગર વિનેશ, સ્નેહલ, દોહા, અપૂર્વા, સંજય નાયી, મૌલિક રાદડીયા, વિરલ શાહ, જીતેશ બારોટ અને અન્યએ ઉમદા કાર્ય કર્યું હતું.

સવારે જ્યાં ટ્રાફિક સુરક્ષામાં સહભાગી થયાં ત્યાં સાંજ પડે અંધારામાં આ ટીમ કડકડતી ઠંડીમાં ગરીબોના સાન્તાકલોઝ બની એમને ગરમ કપડાં અને ધાબળા ઓઢાળવા ગાંધીનગરની આજુબાજુનાં સ્લમ એરિયામાં નીકળી પડ્યા હતા.

ગરીબોને હુંફાળી જીંદગી આપવાના પ્રોજેક્ટ




છે. રવિવારે સવારે જ્યારે સાબરમતી મેરેથોનમાં હજારો લોકો દોડી રહ્યા હતા ત્યારે જેસીઆઈની ટીમ રસ્તા પરના લારી, વાહનો, રિક્ષા, રસ્તા જેવાં જોખમ દેખાય દોડી દોડીને રેડિયમ પટ્ટી રિફલેક્ટર લગાડી આંધળા વાહનોને આંખ આપી રહ્યાં હતા અને અન્ય વાહન ચાલકોની આંખ ખોલી રહ્યા હતા.

ગાંધીનગરના માર્ગો પરના વાહનોને અકસ્માતથી બચાવવામાં આ પ્રોજેક્ટના ચેરમેન તરીકે વિનેશ ચૌહાણ ચેરમેન તરીકે વિરલ શાહે જવાબદારી ઉપાડેલી કે જે સવારે અમદાવાદની હાફ મેરેથોનની ૨૧ કિ.મી.ની દોડ પુરી કરીને આવેલા ૨૫૦ થી વધુ લોકોને જેસીઆઈની ટીમે ટાઢમાં ધાબળા ઓઢાડવાનું ઉમદા કાર્ય કર્યું હતું. યુવાનોથી બનેલી જેસીઆઈ ટીમે નવા વર્ષની સામાજીક સેવાની સુગંધથી શ્રેષ્ઠ કાર્ય કર્યું છે. પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને મંત્રી કે.ડી. ભાવસારનું સજ્જડ મેનેજમેન્ટ કાર્યક્રમને સફળતા બક્ષી ગયું.

# નરેશ ચાવડા આપઘાત પ્રકરણમાં બે અધિકારીઓ સામે ચાર્જશીટ

## નયન પાઠક અને વિજય શાહ સામે ચાર્જશીટ કરાઈ : ત્રીજા આરોપી સમીર વકીલ સામે પુરાવા નથી..!

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના ચકચારી એવા જીઆઈડીસીના કર્મચારી નરેશ ચાવડાના આપઘાત પ્રકરણમાં ત્રણ ઉપરી અધિકારીઓ સામે મૃતકના ભાઈની ફરીયાદનો આધારે પોલીસે આપઘાતના દુષ્પ્રેષણ બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં બે ઉપરી અધિકારીઓ સામે તપાસનીસ અધિકારી ડીવાઈએસપીએ ચાર્જશીટ રજુ કરી દીધુ છે. જ્યારે ફરીયાદમાં ઉલ્લેખ કરવામાં આવેલા ત્રીજા આરોપી અધિકારી સામે કોઈ પુરાવા મળતા ન હોવાનું પોલીસનુ કહેવું છે.

સપ્ટેમ્બર-૨૦૧૩માં ઉદ્યોગભવન જીઆઈડીસીની ઓફીસમાં કલાર્ક મહેશ ગણપતભાઈ ચાવડાએ બપોરના અરસામાં દવા ગટગટાવીને આપઘાત કરી લીધો હતો. આ ઘટના બાદ નરેશ ચાવડાના ભાઈ રાજુ ચાવડાએ આપઘાત પાછળ તેના ત્રણ ઉપરી અધિકારીઓ કારણભુત હોવાની ફરીયાદ આપતા પોલીસે ઉપરી અધિકારી નયન પાઠક, વિજય શાહ અને સમીર વકીલ સામે આપઘાતના દુસ્પ્રેરણ બદલ ગુનો નોંધી તપાસ ડીવાયએસપી જોષીએ શરૂ કરી હતી. આ પ્રકરણમાં તપાસનીય અધિકારીએ નયન પાઠક અને વિજય શાહ બન્ને આરોપી સામે ચાર્જશીટ રજુ કર્યું છે. તો બીજી તરફ ત્રીજા આરોપી સમીર વકીલ સામેના પુરાવા મળતા ન હોવાનું તપાસનીય અધિકારીએ જણાવ્યું છે.

# ભેળસેળયુકત ખાદ્યપદાર્થના ઉત્પાદન અને વેચાણ બદલ એક વર્ષની સજા

## ગાંધીનગર જી.આઈ.ડી.સી. સ્થિત ચામુંડા ફૂડ ઈન્ડસ્ટ્રીઝને પણ કોર્ટે દંડ કર્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જીઆઈડીસીમાં ભેળસેળવાળું મધ ઉત્પાદિત કરવાના કેસમાં કોર્ટે ચામુંડા ફૂડ ઈન્ડસ્ટ્રીઝને ૧ હજારનો દંડ તેમજ બે ભાગીદારને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી. કોશિયાના જણાવ્યા મુજબ પાલનપુર ઔષધ નિયમન તંત્રના ખાસ નિરિક્ષક કે.આર. પટેલે બનાસકાંઠા જિલ્લાના ભાભર લાટીબજારમાં સ્થિત શ્રી મધ ફેમીલી પેકનો નમૂનો લીધો હતો. ગાંધીનગર જીઆઈડીસીમાં સ્થિત શ્રી ચામુંડા ફૂડ ઈન્ડસ્ટ્રીઝ ઉત્પાદિત આ નમૂનો પૃથ્થકરણ માટે મોકલાયા બાદ મિલ્ક ફેટ તથા વનસ્પતિની હાજરીના લીધે ભેળસેળવાળો હોવાનું ધ્યાને આવ્યું હતું.

જયારે પેકીંગ પર મિલ્ક ફેટ પણ જણાવાયું ન હોવાથી આ નમૂનો ખોટી છાપવાળો જાહેર કરાયો હતો. આ મામલે જયુ.મે.જી.ની કોર્ટમાં કેસ ચાલી જતા કોર્ટે ગાંધીનગર જીઆઈડીસી સ્થિત ચામુંડા ફુડ ઈન્ડસ્ટ્રીઝને ૧ હજારનો દંડ તેમજ તેમના ભાગીદાર હસમુખ જયંતિભાઈ કોટક અને જનક નાથાલાલ ભાવસારને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬
સૂર્યાસ્ત : ૫.૫૭

## તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૩૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શોલે- ૩ડી : ૯.૪૦, ૧.૪૦, ૫.૪૦, ૯.૪૦
: સ્ક્રીન-૨ :
મી. જૉઈ બી કારવલ હો : ૧૦.૧૦, ૧૨.૪૦, ૩.૧૦, ૫.૪૦, ૮.૧૦, ૧૦.૪૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૨૫, ૨.૫૫, ૬.૨૫, ૯.૫૫
: સ્ક્રીન-૪ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૧૦, ૭.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
મી. જૉઈ બી. કારવલ હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
શોલે : ૧૦.૦૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૫, ૧.૩૦, ૫.૩૦, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધૂમ-૩ : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ધૂમ-૩ : ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૦૦
: સ્ક્રીન-૨ :
આર..કુમાર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ચિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે.

**વૃષભ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. વિશેષ પ્રયત્નથી કરવામાં આવેલા કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

**મિથુન** : નવા કાર્યો માટે ભાગદોડ થશે. ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે. ભાગીદારોથી વિશેષ લાભ થવાની સંભાવના છે.

**કર્ક** : ભૌતિક સુધ પ્રાપ્ત થશે. જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે. કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. વિદ્યાર્થીઓને ભણવામાં મન લાગશે.

**સિંહ** : કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**કન્યા** : વિશેષ લેવડ- દેવડથી બચવું. અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય. કાર્યોમાં વિલંબ થવાની સંભાવના છે .

**તુલા** : આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

**ધન** : કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહેશે.

**મકર** : માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. આર્થિક સ્થિતિ સુદઢ બનશે.

**મીન** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થવાની સંભાવના. ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા- પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

## ચિરવિદાય

- સ્વ. રજનીકાન્તભાઈ પ્રેમચંદભાઈ શાહ (ઉ.વ. ૭૧) પ્લોટ નં. ૧૫૬, સર્વોદયનગર સોસાયટી, સેકટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. જયોતિબેન શંકરભાઈ પટેલ (ઉ.વ. ૭૫) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ગાભાભાઈ શકરાભાઈ દંતાણી (ઉ.વ. ૫૦) જી.ટી.એસ.ના છાપરાં, સેકટર-૩૦, ગાંધીનગર.